# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/181 Dt. 13/10/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## મૉડલ બનવું છે? ચેમ્બર ઓફ કોમર્સ તમને મદદ કરશે

## ચેમ્બર દ્વારા મોડલ બનવા ઈચ્છુકો માટે જાન્યુઆરી-૨૦૨૬ માં ફેશન શૉ અને કેટલોગ પબ્લિકેશન હાથ ધરાશે

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ગ્લેમરસ મૉડલિંગ ઇન્ડસ્ટ્રી સાથે જોડાવવા ઈચ્છુક મૉડલ્સને આત્મનિર્ભર બનાવવા માટે અભિયાન હાથ ધરશે. સુરત શહેર અને દક્ષિણ ગુજરાતના મૉડલ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા અને આ ઇન્ડસ્ટ્રીમાં આવવા માટે થનગની રહેલા બાળકો-કિશોર-કિશોરીઓ તેમજ ઉત્સાહી યુવક/યુવતીઓ માટે આગામી જાન્યુઆરી મહિનામાં ફેશન શૉ અને કેટલોગ પબ્લિકેશન હાથ ધરવામાં આવશે.

આ ફેશન શૉ તેમજ કેટલોગ પબ્લિકેશનનો મુખ્ય હેતુ સ્થાનિક પ્રતિભાશાળી મૉડલ્સ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરી લોકનજરમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરે તે છે. આ ઇન્ડસ્ટ્રી સંઘર્ષમય છે અને ઘણાને યોગ્ય મંચ પ્રાપ્ત થતું નથી. ચેમ્બર ઓફ કોમર્સનો આ ઉપક્રમ તેઓને આગળ લાવી તેમને આત્મનિર્ભર થવા માટેની તક પૂરી પાડવાનો છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કહ્યું કે સુરતની લગભગ તમામ ઇન્ડસ્ટ્રીઓ જેવી કે ડાયમંડ, ટેક્ષ્ટાઇલ, રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મૉડલ્સ માટે અનેક તકો રહેલી છે. લગભગ બધી જ ઇન્ડસ્ટ્રીના વિવિધ સંસ્થાનો પોતાની પ્રોડકટને પ્રખ્યાત કરવા માટે અખબારી જાહેરાતો, હોર્ડિંગ્સ, સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરે છે અને તેમાં અલગ અલગ બ્રાન્ડ માટે જે તે બ્રાન્ડને અનુરૂપ મૉડલ્સ લેતાં હોય છે. એવું જોવાયું છે કે મૉડલિંગ માટે સુરત બહારના જ મૉડલ્સ પસંદ કરતા હોય છે, કારણ કે કદાચ તેમને

આપણા શહેરમાં જ ઉપલબ્ધ પ્રતિભાઓનો ખ્યાલ હોતો નથી અને તેથી જ આ ઉપક્રમ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હાથ ધરવામાં આવ્યો છે.

આ ફેશન શૉમાં સુરતની તમામ નામી હસ્તીઓ અને સંસ્થાઓને આમંત્રણ આપવામાં આવશે. ઉંમરની કોઈ મર્યાદા રાખવામાં આવી નથી. મૉડલ્સ બનવા ઈચ્છુક અથવા પહેલેથી મૉડલિંગ કરતા લોકોને આ સંદર્ભે પોતાનો બાયોડેટા અને વધુમાં વધુ 10 ફોટા વોટ્સએપ નંબર 9106371052 પર મોકલી આપવા માટે નમ્ર વિનંતી છે.